વર્ષ ૨૦૨૫-૨૬ની નવી બાબત(સુધારેલા અંદાજોમાં)"Directorate of Nutrition Mission" કચેરી હેઠળની જગ્યાઓ ઉભી કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: WCDD/NIE/e-file/23/2025/1373/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : FD-032025-PMU dt.12.05.2025

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : WCDD/NIE/e-file/23/2025/1373/B તા.૨૦.૦૧.૨૦૨૬

**આમુખ:**

વંચાણે લીધા(૧) થી નાણા વિભાગ દ્વારા વિકસિત ગુજરાત ફંડ હેઠળ સુપોષિત ગુજરાત બનાવવા મહિલા અને બાળ વિકાસ વિભાગને ન્યુટ્રીશન મિશન માટે રૂ.૧૦૦ કરોડની મંજૂરી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને સુપોષિત ગુજરાતની સંકલ્પનાને પરિપૂર્ણ કરવા માટે સંદર્ભ પત્ર(૨)થી રાજ્યમાં ખાતાના વડાની કચેરી તરીકે "Directorate of Nutrition Mission"ની સ્થાપના કરવામાં આવેલ છે. આમ, નવી અસ્તિત્વમાં આવેલી "Directorate of Nutrition Mission" કચેરી માટે નવી જગ્યાઓ ઉભી કરવા અંગેની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે "Directorate of Nutrition Mission'" ખાતાના વડાની કચેરી માટે વહીવટી માળખામાં ૬ જગ્યાઓ નિયમિત ધોરણે અને બાકીના ૧૧ નો મેનપાવર આઉટસોર્સીંગ/કરાર આધારીત/ડેપ્યુટેશનથી ભરવા નીચેની વિગતે અને નીચેની શરતોને આધીન ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદજોમાં આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | જગ્યાની સંખ્યા | પે મેટ્રિક્ષ લેવલ | જગ્યાનો પે સ્કેલ |
|---|---|---|---|---|
| ૧ | નિયામક (IAS) | ૧ | ૧૩/૧૨ | (રૂ.૧,૧૮,૫૦૦ - ૨,૧૪,૧૦૦)<br>ગ્રેડ પે -૮૭૦૦ <u>અથવા</u><br>(રૂ.૭૮,૮૦૦ - ૨,૦૯,૨૦૦)<br>ગ્રેડ પે -૭૬૦૦ |
| ૨ | સંયુક્ત નિયામક વર્ગ -૧ | ૧ | ૧૨ | (રૂ.૭૮,૮૦૦ - ૨,૦૯,૨૦૦)<br>ગ્રેડ પે -૭૬૦૦ |
| ૩ | નાયબ નિયામક – હિસાબી વર્ગ -૧ | ૧ | ૧૧ | (રૂ. ૬૭,૭૦૦ - ૨,૦૮,૭૦૦)<br>ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૪ | મદદનીશ નિયામક/પ્રોગ્રામ અધિકારી વર્ગ -૧ | ૧ | ૧૦ | (રૂ. ૫૬,૧૦૦ - ૧,૭૭,૫૦૦)<br>ગ્રેડ પે - ૫૪૦૦ |
| ૫ | સિનિયર ક્લાર્ક વર્ગ -૩ | ૧ | ૪ | (રૂ. ૨૫,૫૦૦ - ૮૧,૧૦૦)<br>ગ્રેડ પે - ૨૪૦૦ |
| ૬ | જુનિયર ક્લાર્ક વર્ગ -૩ | ૧ | ૨ | (રૂ. ૧૯,૯૦૦ – ૬૩,૨૦૦)<br>ગ્રેડ પે - ૧૯૦૦ |
| ૭ | સિનિયર સેક્ટર કન્સલટન્ટ | ૫ | Subject Expert Unit | |
| ૮ | સિનિયર સેક્ટર કન્સલટન્ટ | ૨ | Data Analytics Unit | |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ<br>(૧ સ્ટેનો, ૨ ડ્રાઈવર, ૧ પ્યૂન) | ૪ | | |

**<u>ભરતી અંગેની સામાન્ય શરતો:</u>**

૧. સદર જગ્યાઓને વહીવટી મંજૂરી મળ્યેથી કેડરપોસ્ટ કરવાની અને કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરવાની રહેશે.

૨. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૩. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી ૬ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સંબંધિત ખાતા/વિભાગ દ્વારા સ્થાયી સમિતિની મંજૂરી મેળવી ભરતી પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

૪. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૫. આ જગ્યાઓ પર નિમણુંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે,.

૬. કમ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૭. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં ઉતીર્ણ કરવાની રહેશે.

**<u>પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના :</u>**

૮. જે તે જગ્યાઓના પગારધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

૯. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક- નપન/ ૨૦૦૩/ જીઓઆઈ/ ૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

**<u>જગ્યાઓની મુદત અને સેવાઓ અગે :</u>**

૧૧. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૨. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારીત/આઉટસોર્સથી લેવાની જરૂરીયાતના સંજોગોમાં અચુક નાણા વિભાગ(કરકસર પ્રભાગ) ની પુર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

**<u>નાણાકિય ઔચિત્ય :</u>**

૧૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા અગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૪. આ નવી મંજૂર કરેલ જગ્યા અંગેનો ખર્ચ નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જે તે નાણાકિય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

૧૫. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૧૬. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

૧૭. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના અંતે સરન્ડર કરવાની રહેશે.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૧૮. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૯. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ૩ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૨૦. 'Directorate of Nutrition Mission' નું ૫ વર્ષ બાદ પુન: મૂલ્યાંકન પણ કરવાનું રહેશે. સદર નવી બાબતનો અમલ યોજના ચાલુ રહેશે ત્યાં સુધી કરવાનો રહેશે.

ઉક્ત મંજૂરી અંગે ૬ નિયમિત જગ્યાઓના પગાર ધોરણના ચુકવણાનો ખર્ચ ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૪ સદરે તેમજ અન્ય ખર્ચ જેમ કે કન્સલ્ટન્ટના પગાર અને કચેરી ખર્ચના ચુકવણા ૧૯-૨૨૩૬-૦૨-૧૦૧-૦૧ બજેટ સદરે કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૨.૧૨.૨૦૨૫ અને નાણા વિભાગની તા.૩૦.૦૧.૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયશ્રી પી. વસાવા

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીની કચેરી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ(સ્વ.હ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી,

(૯) વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ)

(૧૦) સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ),

(૧૧) એકાઉન્ટન્ટ જનરલ શ્રી (અમદાવાદ/રાજકોટ)

(૧૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૩) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

(૧૪) સર્વે તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી

(૧૫) સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૧૬) સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by: J P Vasava
Deputy Secretary
Date:2026.02.17
14:04:47 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign